# TU MANE BHULIJA LYRICS | RUTVI PANDYA

જિંદગી છે થોડી જીવવા દે મને
શ્વાસ થોડા બાકી છે રહેવા દે હવે

જિંદગી છે થોડી જીવવા દે મને
શ્વાસ થોડા બાકી છે રહેવા દે હવે

હો તારી યાદોનો બોજ સહી નહિ શકું
એકલે જ કહું છું હું હવે નહિ મળું
ફરી નહિ મળું

તું મને ભુલીજા હું તને ભુલી જઉ
હા તું મને ભુલીજા હું તને ભુલી જઉ

જિંદગી છે થોડી જીવવા દે મને
શ્વાસ થોડા બાકી છે રહેવા દે હવે

હો કિસ્મત ના ખેલ આ કેવા રે રચ્યા
ખોટા સરનામે અમે આવી રે ચઢ્યા
હો વર્ષો વીત્યા ને દિવસો ગયા
જોઈ તને આજ મારા આંસુ રે વહ્યા

હો સાથ તારો હું હવે દઈ ના શકું
હાથ માં હાથ હવે લઇ ના શકું
એટલે કહું

તું મને ભુલીજા હું તને ભુલી જઉ
હા તું મને ભુલીજા હું તને ભુલી જઉ

જિંદગી છે થોડી જીવવા દે મને
શ્વાસ થોડા બાકી છે રહેવા દે હવે

દિલને દિલાશા અમે દેતા રે રહ્યા
નથી તું નશીબમાં કહેતા રે રહ્યા
જીતેલી બાજી અમે હારી રે ગયા
પ્રેમમાં રમત તમે રમી રે ગયા

દગો દીધો પ્રેમમાં હું ભુલી નહિ શકું
દર્દ હવે દિલનું હું સહી નહિ શકું
એટલે કહું

તું મને ભુલીજા હું તને ભુલી જઉ
હા તું મને ભુલીજા હું તને ભુલી જઉ
હા તું મને ભુલીજા હું તને ભુલી જઉ.

GujaratiLyrics.com